## ગાય આધારિત ખેતી: ચર્ચા સભા 2025

સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત ખાતે **"ગૌ આધારીત ખેતી - ચર્ચા સભા 2025"** નું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં કુદરતી ખેતી, વન હેલ્થ (One Health) અને ટકાઉ વિકાસ (Sustainable Development) જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમ VNSGU NSS વિભાગ દ્વારા આયોજિત હતો અને KCG (Knowledge Consortium of Gujarat) અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત રીતે પ્રાયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં 100 થી વધુ NSS સંયોજકો, પ્રાધ્યાપકો, NSS સ્વયંસેવકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ નિષ્ણાતો અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ ઓડીટોરીયમ, બાયોટેકનોલોજી વિભાગ, વી.એન.એસ.જી.યુ., સુરત ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનિવર્સીટી સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. જેના સહઆયોજક નેટવર્ક પ્રોજેક્ટ ઓન નેચરલ ફાર્મિંગ અને વન-હેલ્થ, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ગાંધીનગર હતા તથા આ કાર્યક્રમના સ્પોન્સર નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર હતા.

કાર્યકમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ વી.એન.એસ.જી.યુ. ગીત ગાવામાં આવ્યું. ત્યારબાદ એન.એસ.એસ.ના કોઓર્ડીનેટર શ્રી ડૉ. શ્રીધર નિમાવત દ્વારા સ્વાગત વક્તવ્ય થકી તમામનું સ્વાગત કરવામાં આવ્યું. અને આ કાર્યક્રમનો પરિચય આપતા તેમણે જણાવ્યું કે એન.એસ.એસ. દ્વારા જે જાગૃતિ ફેલાવવા માટેની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, તેનાથી હાલમાં જે કામગીરી કરવાની છે,તે તદ્દન જુદી છે. પરંતુ એન.એસ.એસ.એ પોતાની પરંપરાગત પ્રવૃત્તિઓ છોડીને અથવા તેની સાથે સાથે પશુ આરોગ્ય, પાણી સંરક્ષણ, ગો આધારિત ખેતી, ક્લાઈમેટ ચેન્જ, ZBNF જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવું પડશે અને તેમાં લીડ રોલ પ્લે કરવો પડશે.

ઉદ્ઘાટન સત્રમાં વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. કે.સી.ટીમ્બડીયા (કુલપતિશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ) અને ડૉ. રમેશદાન ગઢવી (કુલસચિવશ્રી, VNSGU) એ One Health અને ટકાઉ કૃષિ વિકાસમાં NSS ની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત વિશ્વવિદ્યાલય દ્વારા સ્થાપિત, "કામધેનુ ચેર" નો લોગો લોન્ચ કરવામાં આવ્યો, જે ગૌ આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા માટે એક વીર નર્મદ વિશ્વ વિદ્યાલયની મહત્ત્વપૂર્ણ પહેલ છે. ડૉ. સી.કે.ટીંબડીયાએ આ યુનિવર્સીટીને પ્રાકૃતિક કૃષિ પર કામ કરતી દુનિયાની પ્રથમ યુનિવર્સીટી ગણાવી હતી.

તકનીકી સત્રમાં વિવિધ વિશેષજ્ઞોએ કૃષિ, પર્યાવરણ અને One Health ની વિવિધ પાસાઓ પર પ્રકાશ નાખ્યો. ડૉ. કે.સી. ટીમ્બડિયા એ "જૈવિક ખેતી અને પર્યાવરણ સંરક્ષણ", કુ.અવની જોષી (Ecopreneur, Nature Shrine Inc.) એ "કૃષિ અને પર્યાવરણ માટે નવીન ઉકેલો", શ્રી એન.જી.ગામીત (Deputy Director, Agriculture, Bardoli) એ "જૈવિક ખેતી અને કૃષિ વિકાસ", શ્રી કલ્પેશકુમાર પટેલ (Gujarat Prant Gram Vikas Gatividhi, Bharuch) એ "ગ્રામ્ય વિકાસ અને કુદરતી ખેતી", અને ડૉ. પ્રવિણ દુધાગરા (Biosciences Dept., VNSGU) એ "Natural Farming for Sustainable Development and One Health" વિષય પર વ્યાખ્યાન આપ્યું. ઉપરાંત, પ્રગતિશીલ ખેડૂત શ્રી કિશોરભાઈ પટેલ (પલસાણા) અને શ્રી મહેશભાઈ પટેલ (ઓલપાડ) એ કુદરતી ખેતીના ફાયદા અને તેમના અનુભવો રજૂ કર્યા હતા. આ તકનીકી સત્ર દરમિયાન તમામ વિશેષજ્ઞો સાથે પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા કરવામાં આવી.

ચર્ચા સભાના અંતિમ સત્ર બાદ એન.એસ.એસ.ના કોઓર્ડીનેટર ડૉ. શ્રીધર નિમાવત દ્વારા કાર્યક્રમના સારાંશ, ફળશ્રુતિ અને ભવિષ્યના આયોજન અંગે વાત કરતાં જણાવ્યું કે આગામી NSS કાર્યક્રમોમાં "One Health Villages" અને "Zero Budget Farming Training Camps" જેવી યોજનાઓને પ્રોત્સાહન આપીને આ NSS એકમોને વધુ અસરકારક બનાવવામાં આવશે. "One Health Villages" હેઠળ NSS દ્વારા આરોગ્ય અને સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માનવ અને પશુ આરોગ્ય વચ્ચેના સંબંધને સમજીને કાર્યક્રમો આયોજિત થશે. "Zero Budget Farming Training Camps" NSS દ્વારા વિવિધ કોલેજોમાં ખેડૂત તાલીમ શિબિરો માટે શરૂ કરવામાં આવશે, જેથી NSS સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ કુદરતી ખેતી પદ્ધતિઓ શીખી શકે. આ યોજનાઓ NSS ને વાસ્તવિક પરિવર્તન લાવતી ચળવળ તરીકે આગળ લઈ જશે.

આ કાર્યક્રમ KCG (Knowledge Consortium of Gujarat) અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાયોજિત હતો. આ સમગ્ર પ્રવૃત્તિ NSS માટે એક નવી દિશા આપશે અને NSS ને જાગૃતિ પ્રવૃત્તિઓથી આગળ લઈ જઈને જૈવિક ખેતી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે NSS ને એક પ્રેરકબળ તરીકે કાર્ય કરશે. અંતે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને આ કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી.

આ યશસ્વી કાર્યક્રમના મુખ્ય આયોજકો NSS વિભાગના ડૉ. શ્રીધર નિમાવત (NSS Coordinator, VNSGU), ડૉ. દીપેશ ઝા (MRS Department, VNSGU ) અને ડૉ. પ્રવિણ દુધાગરા (Biosciences Dept., VNSGU) હતા.













ગૌ-આધારિત ખેતી ચર્ચા સભા
GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+976, Veer Narmad South Gujarat
University, Surat, Gujarat 395007, India
Lat 21.153278° Long 72.780509°
19/03/2025 11:43 AM GMT +05:30
Google


GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+84q, Surat, Gujarat 395007, India
Lat 21.153205° Long 72.780441°
19/03/2025 11:53 AM GMT +05:30
Google


GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+84q, Surat, Gujarat 395007, India
Lat 21.153197° Long 72.780444°
19/03/2025 11:53 AM GMT +05:30
Google


GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+84q, Surat, Gujarat 395007, India
Lat 21.153197° Long 72.780449°
19/03/2025 11:43 AM GMT +05:30
Google


રાષ્ટ્રીય સેવા યોજના
વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,
સુરત
ગૌ- આધારિત
ખેતી ચર્ચા સભા
૧૯ માર્ચ ૨૦૨૫


GSBTM
ગૌ-આધારિત ખેતી ચર્ચા સભા
ટકાઉ વિકાસ અને વન હેલ્થ દ્રષ્ટિકોણ તરફ એક પગલું
૧૯ માર્ચ ૨૦૨૫, સવારે ૧૦:૦૦ વગ્યાથી
બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત
રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત
કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG) અને શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર
રાષ્ટ્રીય સેવા યોજના
વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,
સુરત


આયોજક: રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ
ગુજરાત સરકા
VNSGU
Magic WORDS


GSBTM
ગૌ-આધારિત ખેતી ચર્ચા સભા
એક પગલું
માર્ચ ૨૦૨૫, સવારે ૧૦:૦૦ વગ્યાથી
વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત
ઓફ ગુજરાત (KCG) અને શિક્ષણ વિભાગ,
રાષ્ટ્રીય સેવા યોજના
વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય,


અને શિક્ષણ
VNSG


Saral Prakrutina aa Sau Loko Aanandi, Abhijat.










# યુનિવર્સિટી ખાતે ગાય આધારિત ખેતીની ચર્ચા સભા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે "ગૌ આધારીત ખેતી - ચર્ચા સભા ૨૦૨૫" નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુદરતી ખેતી, વન હેલ્થ અને ટકાઉ વિકાસ જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમ એનએસએસ વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ એનએસએસ સંયોજકો, પ્રાધ્યાપકો, એનએસએસ સ્વયંસેવકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ નિષ્ણાતો અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો ઉપસ્થિત રહ્યા. ઉદ્દઘાટન સત્રમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. કે.સી.ટીમ્બડીયા (કુલપતિશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ) અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ વન હેલ્થ અને ટકાઉ કૃષિ વિકાસમાં એનએસએસની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગાય આધારિત ખેતી વિષયક સભા યોજાઈ

સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે "ગૌ આધારિત ખેતી ચર્ચા સભા 2025"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુદરતી ખેતી, વન હેલ્થ અને ટકાઉ વિકાસ જેવા વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી. આ કાર્યક્રમ વીએનએસજીયુ એનએસએસ વિભાગ દ્વારા આયોજિત હતો અને KCG (Knowledge Consortium of Gujarat) તથા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંયુક્ત રીતે પ્રાયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં 100થી વધુ એનએસએસ સંયોજકો, પ્રાધ્યાપકો, એનએસએસ સ્વયંસેવકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ નિષ્ણાતો અને પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટન સત્રમાં કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડા, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડો.કે.સી.ટીમ્બડિયા અને નર્મદ યુનિવર્સિટીના કુલસચિવ ડો.રમેશદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વન હેલ્થ અને ટકાઉ કૃષિ વિકાસમાં NSSની ભૂમિકા વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વીએનએસજીયુ દ્વારા "કામધેનુ ચેર"નું લોગો લોન્ચ કરવામાં આવ્યું હતું.

# નર્મદ યુનિ.માં ગૌ આધારિત ખેતી પર ચર્ચા સભાનું આયોજન

**સુરત, તા.૨૦**
વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગ તેમજ રસાયણિક ખાતરની જનજીવન ઉપર જોવા મળતી આડઅસરોને સહિતની બાબતોને આવરી લેવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે "ગૌ આધારીત ખેતી-ચર્ચા સભા 2025" નું આયોજન કરવામાં આવ્યું હતુ.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એનએસએસ વિભાગ તેમજ કેસીજી (Knowledge Consortium of Gujarat) અને શિક્ષણ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે આયોજીત કાર્યક્રમમાં 100 થી વધુ NSS સંયોજકો, પ્રાધ્યાપકો, NSS સ્વયંસેવકો, પ્રગતિશીલ ખેડૂતો, કૃષિ નિષ્ણાતો અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. કે.સી.ટીમ્બડીયા (કુલપતિ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ) અને રજીસ્ટ્રાર રમેશદાન ગઢવી એ વન હેલ્થ અને ટકાઉ કૃષિ વિકાસમાં NSS ની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત વિશ્વવિદ્યાલય દ્વારા સ્થાપિત, "કામધેનુ ચેર"નો લોગો લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તકનીકી સત્રમાં વિવિધ વિશેષજ્ઞોએ કૃષિ, પર્યાવરણ અને વન હેલ્થનાં વિવિધ પાસાઓ પર પ્રકાશ નાખ્યો. ડૉ. કે.સી. ટીમ્બડિયા એ "જૈવિક ખેતી અને પર્યાવરણ સંરક્ષણ", કુ.અવની જોષી (Ecopreneur, Nature Shrine Inc.) એ "કૃષિ અને પર્યાવરણ માટે નવીન ઉકેલો", એન.જી.ગામીતએ "જૈવિક ખેતી અને કૃષિ વિકાસ", જયારે કલ્પેશપટેલ ( ગુજરાત પ્રાંત ગતિવીધી ભરૂચ) એ "ગ્રામ્ય વિકાસ અને કુદરતી ખેતી", અને ડૉ. પ્રવિણ દુધાગરાએ "Natural Farming for Sustainable Development and One Health" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતુ.



## કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, ડૉ. કે.સી.ટીમ્બડીયા અને રજીસ્ટ્રાર રમેશદાન ગઢવીએ વન હેલ્થ અને ટકાઉ કૃષિ વિકાસમાં NSSની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું

કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા NSS વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. શ્રીધર નિમાવતએ જણાવ્યું હતુ કે આગામી NSS કાર્યક્રમોમાં "વન હેલ્થ વિલેજ" અને "ઝીરો બજેટ ફાર્મિંગ" જેવી યોજનાઓને પ્રોત્સાહન આપીને આ NSS એકમોને વધુ અસરકારક બનાવવામાં આવશે. "વન હેલ્થ વિલેજ" હેઠળ આરોગ્ય અને સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માનવ અને પશુ આરોગ્ય વચ્ચેના સંબંધને સમજીને કાર્યક્રમો આયોજિત થશે. જયારે "ઝીરો બજેટ ફાર્મિંગ ટ્રેનિંગ કેમ્પ" અંતર્ગત કોલેજોમાં ખેડૂત તાલીમ શિબિરો માટે શરૂ કરવામાં આવશે, જેથી NSS સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ કુદરતી ખેતી પદ્ધતિઓ શીખી શકે. આ યોજનાઓ NSS ને વાસ્તવિક પરિવર્તન લાવતી ચળવળ તરીકે આગળ લઈ જશે.